# નાસીરનગરનો વચગાળાનો રિપોર્ટ સબમિટ

**સેન્ટ્રલ** ઝોનના ઝોનલ ચીફે પ્રાથમિક અભિપ્રાય સાથે દસ્તાવેજી વિગતો સોંપી

**અંતિમ** રિપોર્ટ બાદ જ જવાબદારી અને ભૂમિકા સામે આવવાની શક્યતા



સુરત : નાસીરનગર ડિમોલીશન વિવાદમાં રચાયેલી છ સભ્યોની તપાસ કમિટી સમક્ષ સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ આશિષ નાયકે અંદાજે 40 પાનાનો વચગાળાનો અહેવાલ રજૂ કર્યો છે. 30 મેથી 1 જૂન દરમિયાન નાસીરનગર ખાતે થયેલી વિવાદાસ્પદ ડિમોલીશન કાર્યવાહી દરમિયાન હાજર રહેલા અધિકારીઓ અને કર્મચારીઓની વિગતો, ઉપલબ્ધ દસ્તાવેજો, લોગબુક તેમજ અન્ય રેકોર્ડના આધારે તૈયાર કરાયેલ આ રિપોર્ટ હવે સમગ્ર તપાસ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ કડી માનવામાં આવી રહ્યો છે.

તપાસ કમિટી દ્વારા સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ પાસે નાસીરનગરમાં થયેલી કાર્યવાહી અંગે સંપૂર્ણ વિગતો અને સ્પષ્ટ અભિપ્રાય સાથેનો અહેવાલ 16 જૂન સુધી માંગવામાં આવ્યો હતો. જોકે તપાસ દરમિયાન જરૂરી માહિતી અને દસ્તાવેજો સમયસર ઉપલબ્ધ ન થતાં ઝોનલ ચીફ આશિષ નાયકે વધુ સમયની માંગણી કરી હતી. ત્યારબાદ તેમણે પ્રાથમિક તારણો અને ઉપલબ્ધ રેકોર્ડના આધારે તૈયાર કરાયેલ વચગાળાનો અહેવાલ તપાસ કમિટીના અધ્યક્ષને સુપ્રત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ અહેવાલમાં ડિમોલીશન સ્થળે હાજર અધિકારીઓ અને કર્મચારીઓના નામો, કામગીરી દરમિયાન થયેલી કાર્યવાહીની વિગતો, સત્તાવાર દસ્તાવેજો, લોગબુક એન્ટ્રીઓ અને વિવિધ કર્મચારીઓના નિવેદનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઝોનલ ચીફે ઉપલબ્ધ પુરાવાઓના આધારે પ્રાથમિક અભિપ્રાય પણ રજૂ કર્યો હોવાનું કહેવાય છે. જોકે, હજી આ અંતિમ રિપોર્ટ નથી. સેન્ટ્રલ ઝોન દ્વારા વધુ દસ્તાવેજોની ચકાસણી અને સંબંધિત તથ્યોના વિશ્લેષણ બાદ અંતિમ અહેવાલ રજૂ કરવામાં આવશે. તેથી હાલ રજૂ કરાયેલ રિપોર્ટને માત્ર વચગાળાનો અને પ્રાથમિક તારણો આધારિત અહેવાલ માનવામાં આવી રહ્યો છે. હવે તપાસ કમિટીની આગામી બેઠક ક્યારે યોજાશે અને તેમાં આ વચગાળાના અહેવાલની કેવી રીતે સમીક્ષા કરવામાં આવશે તેના પર સૌની નજર છે. મહત્વની બાબત એ છે કે કમિટી આ પ્રાથમિક અહેવાલના આધારે કોઈ ભલામણો સાથેનો અહેવાલ મ્યુનિસિપલ કમિશનરને સુપ્રત કરે છે કે પછી અંતિમ રિપોર્ટની રાહ જુએ છે, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

### કર્મચારીઓનો ખુલાસો: અમે લાઇનદોરીના ડિમાર્કેશન માટે ગયા હતા

નાસીરનગર ડિમોલીશન વિવાદમાં એક નવો વળાંક પણ સામે આવ્યો હોવાનું કહેવાય છે. ઝોનલ ચીફ આશિષ નાયક દ્વારા માંગવામાં આવેલા ખુલાસા દરમિયાન સેન્ટ્રલ ઝોનના મોટાભાગના કર્મચારીઓએ તેઓ નાસીરનગર ખાતે લાઇનદોરીના ડિમાર્કેશન માટે ગયા હોવાનું જણાવ્યું હોવાની માહિતી મળી રહી છે. બીજી તરફ, બે દિવસ અગાઉ સુરત મહાનગરપાલિકાએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી સ્પષ્ટ કર્યું હતું કે સેન્ટ્રલ ઝોનની ટીમ લાઇનદોરીના અમલ માટે ડિમાર્કેશનની કામગીરી કરવા પહોંચી હતી અને તે જ ટીમ દ્વારા ડિમોલીશનની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. આ સત્તાવાર સ્પષ્ટતા અગાઉ મનપા દ્વારા અપાયેલી કેટલીક રજૂઆતો કરતાં અલગ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે ઝોનલ ચીફના વચગાળાના અહેવાલમાં કર્મચારીઓના નિવેદનો અંગે કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. તેમ છતાં કર્મચારીઓના ખુલાસા અને મનપાના સત્તાવાર નિવેદનો વચ્ચે કોઈ વિસંગતતા છે કે નહીં તે મુદ્દો હવે તપાસ કમિટી માટે પણ મહત્વનો બની શકે છે. નાસીરનગર ડિમોલીશન કેસમાં અત્યાર સુધી અનેક પ્રશ્નો અનુત્તર રહ્યા છે. આવા સંજોગોમાં સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફનો અંતિમ રિપોર્ટ અને ત્યારબાદ તપાસ કમિટીના તારણો સમગ્ર પ્રકરણમાં જવાબદારી નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થઈ શકે છે. હાલમાં વચગાળાનો અહેવાલ સુપ્રત થતાં તપાસ પ્રક્રિયા વધુ નિર્ણાયક તબક્કામાં પ્રવેશી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## ગવિયરના બંગલા કલર કામ કરતી વખતે પટકાતાં યુવકનું મોત

સુરતઃ ગવિયરમાં બંગલા પર કલર કામ કરતી વખતે 20 ફૂટ ઉપરથી પટકાતાં યુવકનું મોત નીપજ્યું હતું.

મૂળ ઉત્તરપ્રદેશ ગોરખપુરના વતની યશવંત પ્રભુનારાયણ યાદવ (ઉં.વ.18) હાલમાં પાલનપુર જકાતનાકા વિસ્તારમાં આવેલી સંતતુકારામ સોસાયટીમાં મામા સાથે રહેતો હતો. રવિવારે સાંજે યશવંત તેના મામા સાથે ડુમસ ગવિયર ગામ ખાતે એક બંગલામાં કલરકામ માટે ગયો હતો. જ્યાં તે બંગલાની બહાર લોખંડની સીડી લગાવીને 20 ફૂટ ઉપર કલર કરી રહ્યો હતો. તે સમયે તેએ પોતાનું સંતુલન ગુમાવી દેતાં નીચે પટકાયો હતો. જેથી યશવંતને રિક્ષામાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન રાત્રે તેનું મોત થયું હતું. બનાવને પગલે ડુમસ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રી-ઈવેલ્યુએશન બાદ સુરતમાં પ્રથમ ક્રમ આવ્યો

**એસ.ડી.** જૈનના વંદન બિહાનીએ 99.20% મેળવ્યા



સુરતઃ સુરતની એસ.ડી. જૈન મોર્ડન સ્કૂલના તેજસ્વી વિદ્યાર્થી વંદન બિહાનીએ CBSE બોર્ડ પરીક્ષા 2025-26માં રી-ઈવેલ્યુએશન બાદ 99.20 ટકા ગુણ મેળવી સુરત શહેરમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. પ્રારંભિક પરિણામમાં તેમને 491 ગુણ (98.20%) મળ્યા હતા. રી-ઈવેલ્યુએશન બાદ ઈકોનોમિક્સમાં 94થી 97 અને બિઝનેસ સ્ટડીઝમાં 97થી 99 ગુણ થતાં કુલ 5 ગુણનો વધારો નોંધાયો અને તેમના કુલ ગુણ 496 થયા. વંદને અંગ્રેજી, એકાઉન્ટન્સી અને એપ્લાઈડ મેથ્સમાં 100માંથી 100 ગુણ મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેમની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ શાળાના સંચાલકો અને આચાર્યએ અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બેંક ઓફ ઈન્ડિયા સૂરત અચલ દ્વારા યોગ દિનની ઉજવણી



સુરત : આજે બેંક ઓફ ઈન્ડિયા, સૂરત અચલ દ્વારા 12 વાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026 કા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યો. આ પ્રસંગે યોગ ગુરુ સુશ્રીલ પીડીયલ્સ આનંદ જી દ્વારા હાજર તમામ સર્જન અને લોકોનો યોગ અને યોગ્ય અને અસરકારક પદ્ધતિનો લાભ મેળવ્યો હતો. કાર્યક્રમમાં શ્રી રાજેશ કુમાર જી (આંચલિક સંચાલક), શ્રી બી. વી. ચાવડા જી (ઉપ અંચલિક પ્રબંધક), શ્રીમતી દિવ્યા દીક્ષિત (એજીએમ, એસએમઈસી), સમાવિષ્ટ કચેરી શાખાઓ, અંચલ કે અધિકારી અને પ્રોસેસિંગ સેન્ટરના અધિકારી હાજર રહ્યાં હતાં.

### ટી.એમ.પટેલ સ્કૂલમાં યોગ દિવસની ઉજવણી



સુરતઃ સુરત સ્થિત ટી.એમ.પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સમત્વ યોગ વિથ રૂતુલના સ્થાપક રૂતુલબેને વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ વિશિષ્ટ ફોર્મેશન પરફોર્મન્સ રજૂ કરી એકતા અને શિસ્તનો સંદેશ આપ્યો હતો. શાળાના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે યોગને ભારતની અમૂલ્ય પરંપરા ગણાવી હતી.

### નર્મદ સાહિત્ય સભા દ્વારા નાનુભાઈ નાયક ચંદ્રક મિત્તલ પટેલને અર્પણ કરાયો



સુરત : નર્મદ સાહિત્ય સભા દ્વારા નાનુભાઈ નાયક સામાજિક વિષયના પુસ્તક માટેનો ચંદ્રક મિત્તલ પટેલના પુસ્તક 'ઈને જાકારો કેમ દેવાય?' (૨૦૨૩) માટે પ્રમુખ બકુલ ટેલરના હસ્તે અર્પણ કરાયો હતો. મંચ દ્વારા થતી પ્રવૃત્તિ અંગે વિસ્તારથી પરિચય આપીને મિત્તલબેને આ ચંદ્રક સ્વીકાર્યો હતો. મિત્તલબેનનો દૃશ્ય-શ્રાવ્ય પરિચય સહીતની પ્રાસંગિક વિધિઓ સભાના મંત્રી નરેશ કાપડીઆએ કરી હતી.

### રહેમતપુરા વજીહી મહોલ્લામાં સબીલ હુસૈન



સુરત : સુરતના રહેમતપુરા માં વજિહી મહોલ્લામાં આવેલી યુવાનોની ટીમ HIZB-E-HAIDERY છેલ્લા 17 વર્ષથી મોહરમનાં પવિત્ર દિવસોમાં 'સબીલ હુસૈન' ચલાવી રહી છે. ગ્રુપના 21 સભ્યો મળી રોજે રોજ આશરે 1,200 જેટલા લોકો માટે 'નિયાઝે હુસૈન' ની વ્યવસ્થા કરે છે.

# જે કામ વરસાદ પહેલાં કરવાનું હતું તે પાલિકા અત્યારે કરે છે

**પહેલાં જ** વરસાદમાં પાણી ભરાતા અને રસ્તા ધોવાતા શાસકોએ અધિકારીઓને ઠપકો આપી 48 કલાકમાં રિપોર્ટ રજૂ કરવાની તાકીદ કરી

સુરત : શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે સર્જાયેલી પરિસ્થિતિ અને પ્રથમ વરસાદ બાદ સામે આવેલી સમસ્યાઓને ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકાના તાપી ભવન ખાતે મેયર માયાબેન માવાણી, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં શહેરના રસ્તાઓ, વરસાદી પાણીના નિકાલ, ખાડી સફાઈ, આરોગ્ય વ્યવસ્થા અને વિવિધ વિભાગોની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં તમામ ઝોનના અધિકારીઓને ફિલ્ડમાં ઉતરી શહેરના રસ્તાઓ પર થયેલા ખોદકામ, ટ્રેન્ચ અને સમારકામ કરાયેલા માર્ગોની ચકાસણી કરવા સૂચના આપવામાં આવી હતી. આગામી 48 કલાકમાં દરેક ઝોને રસ્તાઓ અને ટ્રેન્ચની સ્થિતિ અંગેનો વિગતવાર રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. તાજેતરમાં રસ્તા બેસી જવા અને ખાડા પડવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું મનાય છે.

### આ રિપોર્ટ માંગવામાં આવ્યા

- ગયા વર્ષે કયા કયા વિસ્તારોમાં પાણી ભરાયા હતા?
- પાણી ભરાવાની સમસ્યા અટકાવવા માટે શું કામગીરી થઇ?
- અધિકારીઓને અગાઉ કરવામાં આવેલી કામગીરીની અસરકારકતા માટે જવાબદાર બનાવાયા.
- ચેપી રોગોની નિવારક પગલાંને પ્રાથમિકતા આપવા ભાર
- ખાડી અને ડ્રેનેજ વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી
- ખાડી સફાઈ દરમિયાન કેટલો કચરો દૂર કરવામાં આવ્યો અને તેના નિકાલ માટે શું વ્યવસ્થા કરવામાં આવી?
- કામ ચાલુ નહીં હોય ત્યાના બેરિકેડ દૂર કરવા સૂચના
- વૃક્ષો ટ્રિમ કરવાની કામગીરી હાથ ધરવા સૂચના
- કચરાના યોગ્ય નિકાલ અને મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે સેનિટેશનની સઘન ઝુંબેશ હાથ ધરવા સૂચના અપાઇ

### પદાધિકારીઓને કોઇપણ ઘટનાની તુરંત જાણ થાય તેવી વ્યવસ્થા કરવા આદેશ

શાસકોની બેઠકમાં એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે વરસાદી પરિસ્થિતિ દરમિયાન શહેરભરમાં સર્જાતી ઘટનાઓ અને કામગીરી અંગેની તમામ માહિતી સતત પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરની મુખ્ય કચેરી સુધી પહોંચતી રહે તેવી સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. એક ગૃપ બનાવીને ચૂંટાયેલા કોર્પોરેટરો અને અધિકારીઓ વચ્ચે વધુ સારું સંકલન રહે તે માટે પણ ભાર મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને વરસાદ જેવી આપત્તિજનક પરિસ્થિતિમાં ઝડપી પ્રતિસાદ અને અસરકારક કામગીરી માટે તમામ અધિકારીઓને સંકલનથી કામ કરવાની તાકીદ કરવામાં આવી હતી. ડ્રેનેજ સફાઈ અને અન્ય સ્વચ્છતા કામગીરી માટે જરૂરી મશીનરીની ઉપલબ્ધતા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. વર્કશોપ, મેઇન ડ્રેનેજ વિભાગ અને સંબંધિત શાખાઓને દરેક ઝોનમાં જરૂરિયાત મુજબ મશીનરી ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી હતી, જેથી ચોમાસા દરમિયાન કોઈ કામગીરી મશીનરીના અભાવે અટકી ન પડે.

### ખો-ખોની રમત બંધ કરો, શહેરનું નામ ખરાબ થાય છે' : રાજન પટેલ

શહેરમાં પ્રથમ વરસાદ બાદ રસ્તા ધસી પડવા, ખાડા પડવા અને વાહનો ફસાવાની ઘટનાઓ સામે આવતા સુરત મહાનગરપાલિકાના શાસકો એક્શનમાં આવ્યા છે. મેયર માયાબેન માવાણીની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે બેઠક દરમિયાન અધિકારીઓને આકરા શબ્દોમાં સંબોધતા જણાવ્યું હતું કે રસ્તા તૂટવાની અને ધસી પડવાની ઘટનાઓ બાદ ઝોન અને વિભાગો એકબીજા પર જવાબદારી ઢોળતા રહે છે. ઝોન અને વિભાગ વચ્ચે ખો-ખોની રમત રમવાથી મનપાનું ખરાબ દેખાય છે. હવે આ વલણ બંધ કરવું પડશે. રાજન પટેલે તમામ ઝોનલ ચીફ, રોડ વિભાગ, ડ્રેનેજ વિભાગ, હાઈડ્રોલિક વિભાગ અને સંબંધિત અધિકારીઓને આગામી 48 કલાકમાં ફિલ્ડમાં ઉતરી શહેરના તમામ મુખ્ય રસ્તાઓ, ખોદકામ બાદ પુનઃનિર્માણ કરાયેલા રસ્તાઓ તેમજ તાજેતરમાં રિપેર કરાયેલા માર્ગોનું સ્થળ નિરીક્ષણ કરવાની સૂચના આપી હતી. બેઠકમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે જ્યાં રસ્તા બેસી ગયા હોય, ખાડા પડ્યા હોય અથવા વરસાદને કારણે નુકસાન થયું હોય તેવા તમામ સ્થળોએ તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવે. ખોદકામ બાદ યોગ્ય પુરાણ, કોમ્પેક્શન અને ગુણવત્તા નિયંત્રણ નહીં રાખવામાં આવે તો જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી પણ કરવામાં આવશે. શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ રસ્તાઓની સ્થિતિ ચર્ચાનો વિષય બની છે.

## વેસુમાં નવા બંધાતા બંગલામાં શ્રમજીવી યુવકે ફાંસો ખાધો

સુરતઃ વેસુમાં નવા બંધાતા બંગલામાં શ્રમજીવી યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મૂળ રાજસ્થાન પ્રતાપગઢના વતની મોહન બાબુલાલ વીણા (ઉં.વ.30) હાલમાં વેસુ વિસ્તારમાં આવેલ સેવન એવન બિલ્ડિંગની બાજુમાં આદર્શભાઈના નવા બંધાતા બંગલામાં કાકા સાથે રહેતો હતો અને ત્યાં જ મજૂરી કામ કરતો હતો. મોહન કાલે રાત્રે વતનમાં રહેતી પત્ની સાથે ફોન ઉપર વાતચીત કરી રહ્યો હતો. દરમિયાન બંને વચ્ચે રકઝક થઈ હતી.

જે વાતનું માઠું લાગી આવતા મોહને ફોન કટ કરીને બંગલામાં લાગેલા પાલક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે વેસુ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કોર્ટ પાર્કિંગની સમસ્યા મુદ્દે વકીલોની મેયરને રજૂઆત



**વોકવે**-નજીકના પાર્કિંગમાં વાહન માટે ઢાળ બનાવવા માંગ

સુરતઃ કોર્ટની વિવિધ સમસ્યાઓ અંગે આજરોજ સુરત શહેરના મેયર માયાબેન માવાણીની શુભેચ્છા મુલાકાત લઈ રજૂઆત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન ખાસ કરીને કોર્ટ પરિસરમાં પાર્કિંગની સમસ્યાનો મુદ્દો મુખ્યત્વે ઉઠાવવામાં આવ્યો હતો. વકીલ મંડળના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા કોર્ટની પાછળ આવેલા વોકવે પાસે વકીલો માટે પાર્કિંગની વ્યવસ્થા ફાળવવામાં આવી છે. જોકે પાર્કિંગ સ્થળે વાહનોની અવર-જવર સરળ બને તે માટે જરૂરી સ્લોપ બનાવવામાં આવ્યો નથી. પરિણામે વકીલોને પોતાના વાહનો પાર્ક કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાના તાત્કાલિક નિરાકરણ માટે વકીલ મંડળના હોદ્દેદારોએ મેયર સમક્ષ રૂબરૂ રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, ઉપપ્રમુખ સંજયભાઈ જે. પટેલ, સહમંત્રી કવન એમ. પટેલ, એલ.આર. ફેની પટેલ તથા ખજાનચી દિવ્યા કોસંબિયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### પીજી ડિપ્લોમા કોર્સનો અંત થશે

# સુરતની મેડિકલ કોલેજોની બેઠકો હવે MD-MSમાં રૂપાંતરિત થશે

**NMCના** મોટા નિર્ણયથી ૨૦૨૭-૨૮થી ડિપ્લોમા પ્રવેશ બંધ

સુરતઃ દેશના મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવનાર છે. નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮થી દેશભરની મેડિકલ કોલેજોમાં ચાલતા પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) ડિપ્લોમા કોર્સ બંધ થઈ જશે અને તેની જગ્યાએ પોસ્ટ ગ્રેજ્યુએટ બ્રોડ સ્પેશિયાલિટી ડિગ્રી કોર્સ એટલે કે એમડી અને એમએસ કોર્સ શરૂ કરવામાં આવશે.

### સુરતમાં ક્યાં કેટલી પીજી ડિપ્લોમા બેઠકો

| મેડિકલ કોલેજ | વિષય | બેઠકો |
|---|---|---|
| સરકારી મેડિકલ કોલેજ, નવી સિવિલ | ક્લિનિકલ પેથોલોજી | ૨ |
| સરકારી મેડિકલ કોલેજ, નવી સિવિલ | કોમ્યુનિટી મેડિસિન | ૧ |
| સ્મીમેર મેડિકલ કોલેજ | પબ્લિક હેલ્થ ડિપ્લોમા | ૨ |
| **કુલ** | | **૫** |

આ નિર્ણયની સીધી અસર સુરતની સરકારી તેમજ મહાનગરપાલિકા સંચાલિત મેડિકલ કોલેજો પર પણ પડશે.

હાલ સુરતની નવી સિવિલ હોસ્પિટલ સાથે સંકળાયેલી સરકારી મેડિકલ કોલેજમાં પીજી ડિપ્લોમાની કુલ ત્રણ બેઠક કાર્યરત છે. જેમાં ક્લિનિકલ પેથોલોજીની બે અને કોમ્યુનિટી મેડિસિનની એક બેઠકનો સમાવેશ થાય છે. બીજી તરફ સ્મીમેર મેડિકલ કોલેજમાં પીજી ડિપ્લોમા ઈન પબ્લિક હેલ્થની બે બેઠક ઉપલબ્ધ છે. આમ શહેરમાં કુલ પાંચ પીજી ડિપ્લોમા બેઠકો હાલમાં કાર્યરત છે, જે આગામી સમયમાં એમડી અથવા એમએસ ડિગ્રી કોર્સમાં પરિવર્તિત થઈ શકે છે.

## હાર્દિક પટેલ સામેનો છેલ્લો કેસ પણ પરત ખેંચાયો

**પાસ નેતાઓ** લાજપોર જેલમાંથી છૂટતાં છેક વરાછા સુધી રેલી યોજી હતી

સુરતઃ વરાછા પોલીસ સ્ટેશને વર્ષ ૨૦૧૮મા પાસનેતા હાર્દિક પટેલ, ધાર્મિક માલવિયા, અલ્પેશ કથીરિયા સહિત ૧૫૦થી ૨૦૦ જણાં વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદ રાજ્ય સરકાર તરફથી પરત ખેંચી લેવાતાં કોર્ટે સી.આર.પી.સી. કલમ ૩૨૧ મુજબ વિડ્રોલથી કેસનો હુકમ કરી તમામ આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. રાજ્ય સરકાર તરફથી મળેલી મંજૂરી બાદ મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાના માર્ગદર્શનમાં એપીપી દિગંત તેવારે કોર્ટમાં બી.એન.એસ.એસની કલમ ૩૬૦ મુજબ કેસ પરત ખેચવાની અરજી રજૂ કરી હતી. આમ પાસનેતા અને હાલનાં ભાજપનાં ધારાસભ્ય હાર્દિક પટેલ સામેનો આ છેલ્લો કેસ પણ પરત ખેંચી લેવાયો હતો.

વરાછા પોલીસ સ્ટેશનના ઈ.પી.કો કલમ ૩૯૫,૧૪૩,૧૪૭,૧૪૨,૩૨૩,૩૪૧,૫૦૪,૫૦૬(૨),૪૨૭ ના ગુનાના આરોપી જિજ્ઞેશ ત્રિકમભાઈ વઘાસિયા, મૌલિક વિનુભાઈ નસીત, ચંદ્રેશ દયાળભાઈ કાકડિયા, રૂષિક ભુપતભાઈ દેસાઈ લાજપોર જેલમાંથી છૂટતા હોય જેના સ્વાગત માટે "પાટીદાર અનામત આંદોલન સમિતિ"(PAAS) દ્વારા તા.૧૦/૦૧/૨૦૧૮ ના રોજ સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. લાજપોર જેલમાંથી છુટેલા ચારેય આરોપીઓને સાથે લઈને રેલી સ્વરૂપે માનગઢ ચોક પહોંચ્યા હતા. જ્યાં વરાછા, માનગઢ ચોક ખાતે ફટાકડા ફોડતા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

# સુરતથી ભાગેલી ૩ સગીરા ઈટારસી સ્ટેશન પરથી મળી

**લગ્નની** લાલચે ભગાડી જનાર યુપીના બે શખ્સ પણ ટ્રેનમાંથી ઝડપાયા

સુરતઃ ઉધના વિસ્તારની એક જ સોસાયટીમાં રહેતી ત્રણ 13, 14 અને 15 વર્ષની સગીર દીકરીઓ ગુમ થવાની ગંભીર ઘટનામાં સુરત શહેર પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં જ સફળતા મેળવી 'ઓપરેશન ઈટારસી' પાર પાડી બે આરોપીને ઝડપી પાડી ત્રણેય સગીરાઓને સુરક્ષિત રીતે છોડાવી લીધી છે. ઉપોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ગત ૧૯ જૂનની રાત્રે ઉધના વિસ્તારની એક જ સોસાયટીમાં રહેતી ત્રણ સગીર દીકરી અચાનક ગુમ થઈ જતાં પરિવારોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ ઝોન-૨ના ડીસીપી ડૉ. કાનન દેસાઈના માર્ગદર્શન હેઠળ ઉધના પોલીસ મથકે અપહરણ અને મિસિંગનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે વિસ્તારમાં રહેતા ઉત્તર પ્રદેશના વતની અને હાલ સુરતમાં મજૂરી કામ કરતાં મોહમદ કલીમ અબ્દુલ લકલામ શેખ (ઉં.વ.૨૨) અને મોહમદ આવેશ અહમદ અતીક શેખ (ઉં.વ.૨૪) પણ ગાયબ હતા. તપાસમાં સામે આવ્યું હતું કે બંને શખ્સે બે કિશોરીઓને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી, જ્યારે પડોશમાં રહેતી ૧૩ વર્ષની એક બાળકી માતા-પિતાના ભણતર બાબતના ઠપકાથી નારાજ થઈ તેમની સાથે નીકળી પડી હતી.

ઉધના પોલીસની ડી-સ્ટાફ ટીમ અને ઝોન-૨ એલસીબીને તપાસમાં સીસીટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન પાંચેય જણા સાથે જતાં હોવાનું જણાયું હતું. તેઓ ઉધના રેલવે સ્ટેશનથી ટ્રેન મારફતે નાગપુર તરફ રવાના થયા છે.

પાંચેય જણા ઉત્તર પ્રદેશ તરફ જતી બરૌની-રાજકોટ સાગર એક્સપ્રેસ ટ્રેનમાં સવાર થયા હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ આરપીએફના સહયોગથી દેશભરના રેલવે નેટવર્કમાં આરોપીઓ તથા સગીરાઓના ફોટોગ્રાફ્સ મોકલી એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશના ઈટારસી રેલવે સ્ટેશન પર ટ્રેન પહોંચતા જ આરપીએફ અને સુરત પોલીસની સંયુક્ત ટીમે ટ્રેનમાં સર્ચ ઓપરેશન હાથ ધરી બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. સાથે જ ત્રણેય સગીરાઓને સુરક્ષિત રીતે છોડાવી લેવામાં આવી હતી.

## IIIT સુરતમાં બે નવા ટેકનિકલ કોર્સ શરૂ થયા

સુરતઃ ભારતીય માહિતી પ્રૌદ્યોગિકી સંસ્થા (IIIT) સુરતે શૈક્ષણિક વર્ષ 2026-27થી બે નવા અભ્યાસક્રમો શરૂ કરવાની જાહેરાત કરી છે. તેમાં B.Tech. (મેથેમેટીક્સ અને કોમ્પ્યુટીંગ) અને M.Tech. (ઈલેક્ટ્રોનીક્સ| કોમ્પ્યુનિકેશન એન્જિનિયરિંગ) માં ડિફેન્સ| સ્પેસ ઈલેક્ટ્રોનિક્સ વિશેષતા ધરાવતા કોર્સનો સમાવેશ થાય છે. નવા કોર્સ સાથે સંસ્થાની B.Tech. બેઠકો 280થી વધીને 384 અને M.Tech. બેઠકો 40થી વધીને 60 થશે. સંસ્થાએ જણાવ્યું છે કે આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને અદ્યતન કમ્પ્યુટિંગ, સંરક્ષણ, સેમિકન્ડક્ટર અને અવકાશ ટેકનોલોજી જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં કારકિર્દીની નવી તકો પૂરી પાડશે. IIIT સુરતે AMD, MediaTek, Bosch અને ISRO-SAC સહિત અનેક અગ્રણી સંસ્થાઓ સાથે સહયોગ સ્થાપ્યો છે. વર્ષ 2025-26માં સંસ્થાનો સર્વોચ્ચ પ્લેસમેન્ટ પેકેજ 54.89 લાખ અને સરેરાશ પેકેજ 14.85 લાખ નોંધાયું હતું.


### સુરતી મોઢ વણિક દુઃખદ અવસાન



**સ્વ. હિતેન્દ્ર રમેશચંદ્ર દૂધવાળા - સ્વ. તા. ૨૩/૦૬/૨૦૨૬**

દિલગીરી સહ જણાવવાનું કે મારા પુત્ર હિતેન્દ્ર રમેશચંદ્ર દૂધવાળાનું દુઃખદ અવસાન તા. ૨૩/૦૬/૨૦૨૬ના રોજ સોમવારે થયેલ છે. તેમની સ્મશાન યાત્રા મંગળવાર સવારે ૯.૦૦ કલાકે કુરૂક્ષેત્ર, જહાંગીરપુરા મુકામે લઇ જનાર છે.

લિ. રમેશચંદ્ર જેકીશનદાસ દૂધવાળા
સ્વ. જયશ્રીબેન રમેશચંદ્ર દૂધવાળા
ગં.સ્વ. દક્ષાબેન હિતેન્દ્ર દૂધવાળા

| | |
|---|---|
| વિશાલ જીતેન્દ્ર મહેતા (વીમાવાળા) | પૂજા વિશાલ મહેતા (વીમાવાળા) |
| મોનીક મુકેશચંદ્ર મહેતા | દિશા મોનીક મહેતા |
| સ્વ. નરેશચંદ્ર હસમુખલાલ પપૈયા | ગં.સ્વ. જાગૃતિબેન નરેશચંદ્ર |
| સ્વ. હર્ષદભાઇ રમેશચંદ્ર દૂધવાળા | ગં.સ્વ. હેમાબેન હર્ષદ દૂધવાળા |
| મયૂર હર્ષદભાઇ દૂધવાળા | પ્રિયા હિમાંશુ ભગત |
| તેજસ નરેશચંદ્ર પપૈયા | ક્રિષ્ના તેજસ પપૈયા |

તથા સમસ્ત દૂધવાળા પરિવાર

૧૯, શશાંક રેસીડન્સી, વૈષ્ણોદેવી રોડ પાસે, જહાંગીરાબાદ, વણકલા, સુરત